ક્રમાંકઃ અનજ/નવા બારકોડ -રેશનકાર્ડ/૨૩૬૨/૨૦૧૦

નિયામક અન્ન, અને નાગરીક પુરવઠાની કચેરી
બ્લોક નં.૧૪, ૭ મો માળ, સચિવાલય, ગાંધીનગર
**તારીખ ૩૧-૧૨-૨૦૧૦**

પ્રતિ

૧. અન્ન અને નાગરીક પુરવઠા નિયંત્રકશ્રી
અન્ન અને નાગરીક પુરવઠા નિયંત્રકશ્રીની કચેરી
હેન્ડલુમ હાઉસ, બીજો માળ, આશ્રમરોડ
અમદાવાદ શહેર.

૨. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ)
કલેકટર કચેરી ( પુરવઠા શાખા )
જિલ્લો : - ( તમામ )

**વિષય : - બારકોડેડ કૂપન આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તાલુકાદીઠ પાયલોટ પ્રોજેકટ બાબત.**

રાજયમાં જૂના હયાત રેશનકાર્ડના બદલે નવા બારકોડેડ રેશનકાર્ડ આપવા માટે હાલમાં સમરીશીટ ' અ ' અને ' બ ' ની ડેટા એન્ટ્રીની કામગીરી ચાલુ છે, જે પૂર્ણ થયે તરત જ ફોર્મ નં. ૧ ની ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરી, નવા બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવા અને આયોજન મુજબ રાજયના રેશનકાર્ડ ધારકોને બારકોડેડ કૂપનો પર સબંધિત વ્યાજબી ભાવની દુકાન પરથી જથ્થો મળતો થાય તે મુજબની કામગીરી કરવાની થશે.

જાહેર વિતરણ વ્યવસ્થાના સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશનના આગામી આયોજનને ધ્યાને લેતાં આ અંગેની સંપૂર્ણ કાર્યવાહીથી જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓ, અધિકારીઓ અને વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો વાકેફ થાય અને આ પ્રોજેકટ અંગે તેમનામાં પૂરતી સમજ અને જાણકારી કેળવાય તેમજ રેશનકાર્ડ ધારકોમાં પણ આ અંગે જરૂરી જાગૃતિ આવે તે માટે પ્રથમ દરેક તાલુકામાં એક વ્યાજબી ભાવની દુકાનનું આયોજન મુજબ ફોર્મ નં. ૧ ની ડેટા એન્ટ્રીથી લઈને રેશનકાર્ડ ધારક બારકોડેડ કૂપન મારફત જથ્થો મેળવતો થાય તે સમગ્ર પ્રક્રિયા પાયલોટ બેઈઝ પર કરવી ખૂબ જ જરૂરી છે. આ અંગે આપના જિલ્લાના તાલુકાદીઠ એક દુકાન અન્વયે ઉપરોકત સંપૂર્ણ કાર્યવાહી તા. ૨૮-૨-૧૦ સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

હાલમાં, આ અંગેની કાર્યવાહી બનાસકાંઠા જિલ્લાના મોરીયા ગામે પૂર્ણ થયેલ છે. આપને જરૂર જણાય તો આપની કચેરીના સબંધિત કર્મચારીને આ યોજનાના અભ્યાસ માટે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, બનાસકાંઠાના પરામર્શમાં રહીને અભ્યાસ માટે મોકલી શકો છો.

સદરહુ પાયલોટ પ્રોજેકટ માટે તાલુકાદીઠ દુકાનની પસંદગી કરવામાં પૂરતી તકેદારી અને કાળજી રાખવી. આ માટે સરખામણીમાં ઓછા કાર્ડ ધરાવતી વ્યાજબી ભાવની દુકાન પસંદ કરવી ઉચિત રહેશે. આપે આ માટે પસંદ કરેલ ગામમાં ઈ-ગ્રામની સુવિધા ખૂબ જ સારી રીતે ચાલતી હોય, ઈ-ગ્રામમાં કનેકટીવીટીના કોઈ પ્રશ્ન ન હોય, ઈ-ગ્રામના કોમ્પ્યુટર ઓપરેટર પૂરતી જાણકારી ધરાવતા હોય, વ્યાજબી ભાવની દુકાનના સંચાલક તેમજ ગ્રામ પંચાયતના હોદ્દેદારો તરફથી યોગ્ય અને પૂરતો હકારાત્મક સહકાર મળી શકે તેમ હોય તેવા ગામની પસંદગી થાય તેની કાળજી જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અંગત રીતે લે તે આ પ્રોજેકટના સફળ અમલીકરણ માટે ખૂબ જ આવશ્યક છે.

ઉપરોક્ત પાયલોટ પ્રોજેકટ અંગે તાલુકાદીઠ એક વ્યાજબી ભાવની દુકાન પસંદ કરી તેની વિગતો સામેલ પત્રક મુજબ દિન-૭ માં અત્રે મોકલી આપવા વિનંતી છે.

નિયામક
અન્ન અને નાગરીક પુરવઠા
ગાંધીનગર.

## <u>પત્રક</u>

**બારકોડેડ કૂપન આધારીત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તાલુકાદીઠ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પસંદ કરેલ વ્યાજબી ભાવની દુકાનોની વિગત જિલ્લો : ____________________**

| અ.નં. | તાલુકો | વ્યાજબી ભાવની દુકાનનું નામ | ગામનુંનામ | કાર્ડ સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | AAY | BPL | APL-1 | APL-2 | કુલ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |